# હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

E-mail:comptroller@aau.in Ph(0)+91-2692-263338 Fax: +91-2692-263162

વંચાણે લીધો:- સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદના પત્ર જા.નં.એલ/સીસી-૧/ ઈન્ટીમેશન /વશી/૨૨૨૭ તા.૨૬-૧૧-૨૦૧૫.

**વર્ષ ૨૦૧૨-૧૩ નું લોકલ ફંડ ઓડિટ હાથ ધરવા બાબત....**

## -:: પરીપત્ર ::-

આથી સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉપરોકત વંચાણે લીધેલ સંદર્ભના પત્ર મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનું **વર્ષ ૨૦૧૨-૧૩** નું લોકલ ફંડ ઓડીટ **તા.૦૧-૧૨-૨૦૧૫** ની આસપાસ હાથ ધરવામાં આવનાર છે. જેથી દરેક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓએ આ અંગેનું જરૂરી સંલગ્ન રેકર્ડ આપની કચેરી ખાતે તૈયાર રાખવુ તેમજ તેનું ઓડીટ કરાવવાનું રહેશે. ઓડીટ દરમ્યાન જો પ્રાથમિક વાંધા ઉપસ્થિત થાય તો તેનો તાત્કાલિક સ્થળ પર નિકાલ કરવા વિનંતી જેથી પ્રાથમિક વાંધો ઓડીટપારામાં ન પરિણમે અને પાછળથી પત્રવ્યવહાર નિવારી શકાય.

સંસ્થાના ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના વર્ષોના બાકી વાંધાઓની પુર્તતા કરવા જરૂરી કાર્યવાહી યુનિટ કક્ષાએથી હાથ ધરવા જણાવવામાં આવે છે. જેથી પારાનું કદ ઘટાડી શકાય.

હિસાબ નિયામક

જા.નં.આકૃયુ/હિનિ/ઓડીટ-૧૭(૯)/૫૩૭૮ -૭૯ /૧૫
તા.૨૭/૧૧/૨૦૧૫

**નકલ સવિનય રવાના:-**

(૧) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ ઓડીટ દરમ્યાન સંબધિત કર્મચારી/અધિકારી જરૂર પડે ત્યારે અચુક હાજર રહે તે મુજબ સુચના આપવા વિનંતી.

(૨) સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, સેવા સદન ૧૨૯-૧૩૦, પ્રથમ, માળ, બોરસદ ચોકડી, આણંદ તરફ જાણ સારૂં.